દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬

યુપીઆઈ ટ્રાન્જેકશન પર જો ચાર્જિસ લાગશે તો રોકડાનો વહેવાર વધશે

ભારતમાં ડિજિટલ ક્રાંતિના પ્રતીક સમાન યુપીઆઈ આજે માત્ર એક પેમેન્ટ સિસ્ટમ નથી રહી, પરંતુ ભારતની નાણાકીય કરોડરજ્જુ બની ચૂક્યું છે. ચાની લારી, શાકભાજીના ફેરિયાથી લઈને મલ્ટિનેશનલ મોલ્સ સુધી યુપીઆઈએ સામાન્ય માનવીના જીવનને અત્યંત સરળ બનાવ્યું છે. પરંતુ, તાજેતરમાં સંસદમાં પસાર થયેલા 'કરવેરા અને અન્ય કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૬' બાદ યુપીઆઈ પર ભવિષ્યમાં ટેક્સ કે ટ્રાન્જેક્શન ચાર્જ લાગુ થવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

એક તરફ યુપીઆઈ ટ્રાન્જેક્શન્સના આંકડા રોજ નવા વિક્રમો સર્જી રહ્યા છે, તો બીજી તરફ સામાન્ય યુઝર્સ અને વેપારીઓમાં આશંકા છે કે શું સરકાર ભવિષ્યમાં યુપીઆઈ પર ચાર્જ કે ટેક્સ લાદીને આ ડિજિટલ સુવિધાને મોંઘી બનાવશે? આ વિષયને ઊંડાણપૂર્વક સમજવા માટે હાલના ટ્રાન્જેક્શનના આંકડા, સરકારી સુધારા અને તેના ભવિષ્યના આર્થિક અસરોનું વિશ્લેષણ કરવું આવશ્યક છે.

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા અને નાણા મંત્રાલયના તાજેતરના અહેવાલો મુજબ, ભારતમાં યુપીઆઈના ઉપયોગમાં વિસ્ફોટક વૃદ્ધિ નોંધાઈ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં યુપીઆઈ મારફતે કુલ ૨૪,૧૬૨ કરોડથી વધુ ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યા હતા. આ વ્યવહારોનું કુલ વાર્ષિક મૂલ્ય રૂ. ૩૧૪ લાખ કરોડને પાર કરી ગયું છે. ભારતમાં રોજના સરેરાશ ૬૬ કરોડથી વધુ યુપીઆઈ વ્યવહારો થાય છે, જે દર્શાવે છે કે રોકડ ચૂકવણીની જગ્યા હવે કાયમી ધોરણે ડિજિટલ વોલેટ અને યુપીઆઈએ લઈ લીધી છે.

દેશમાં ૫૫.૪૯ કરોડથી વધુ સક્રિય યુપીઆઈ યુઝર્સ નોંધાયા છે, અને ૭૦૦થી વધુ બેંકો આ પ્લેટફોર્મ સાથે જોડાયેલી છે. વિશ્વભરમાં થતા કુલ રિયલ-ટાઇમ ડિજિટલ પેમેન્ટ્સમાં એકલા ભારતનો હિસ્સો ૪૯% જેટલો છે.

આ આંકડા સ્પષ્ટ કરે છે કે ભારતીય અર્થતંત્ર હવે સંપૂર્ણપણે યુપીઆઈ પર નિર્ભર બની ચૂક્યું છે. તાજેતરમાં સરકાર દ્વારા 'પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, ૨૦૦૭'ની કલમ ૧૦-એમાં સુધારો કરવામાં આવ્યો. અત્યાર સુધી કાયદાકીય રીતે યુપીઆઈ અને રૂપે ડેબિટ કાર્ડના વ્યવહારો પર કોઈપણ પ્રકારનો ચાર્જ વસૂલવા પર કડક પ્રતિબંધ હતો. નવા કાયદાકીય માળખાથી સરકારને એ સત્તા મળી છે કે તે જરૂરિયાત મુજબ નોટિફિકેશન બહાર પાડીને નક્કી કરી શકે કે કયા વ્યવહારો ફ્રી રહેશે અને કયા વ્યવહારો પર મર્યાદિત ચાર્જ લાગુ કરી શકાશે.

આ સુધારો એ એક કાયદાકીય માર્ગ ખુલ્લો કરવાની પ્રક્રિયા છે. ભવિષ્યમાં NPCI ની 'યુપીઆઈ સ્ટિયરિંગ કમિટી' નક્કી કરશે કે મોટા વ્યાપારી વ્યવહારો પર નજીવો ચાર્જ લગાવવો કે નહીં.

બિલનો વિપક્ષો દ્વારા તેનો ભારે વિરોધ કરાયો હતો. કારણ કે ગમે ત્યારે સરકાર યુપીઆઈ પર ચાર્જ લગાડી શકે છે. તેની સામે નાણા મંત્રાલય અને નાણા મંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં એવું કહ્યું કે, એક સામાન્ય વ્યક્તિ દ્વારા બીજી વ્યક્તિને કરવામાં આવતા નાણાકીય ટ્રાન્ઝેક્શન્સ પર કોઈ પણ ચાર્જ કે ટેક્સ લાગશે નહીં. શાકભાજી વાળા, નાની દુકાનો કે દૈનિક જરૂરિયાતની વસ્તુઓ ખરીદતા ગ્રાહકો માટે યુપીઆઈ વાપરવું સંપૂર્ણપણે મફત રહેશે. જો ભવિષ્યમાં ચાર્જ લાદવામાં આવશે, તો તે માત્ર અમુક ચોક્કસ મર્યાદાથી વધુ મોટો વ્યવહાર કરતા મોટા ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ અને કોમર્શિયલ મર્ચન્ટ્સ પર જ લાગુ થશે.

આ ચાર્જ પણ ક્રેડિટ કે ડેબિટ કાર્ડના ટકાવારી દર કરતા ખૂબ ઓછો હશે. સરકાર દ્વારા એવો પણ ખુલાસો કરાઈ રહ્યો છે કે, દરરોજ ૬૬ કરોડથી વધુ ટ્રાન્ઝેક્શન પ્રોસેસ કરવા માટે બેંકો અને નાણાકીય સંસ્થાઓએ હાઇ-સ્પીડ સર્વર્સ, આઇટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને મજબૂત સાયબર સુરક્ષા જાળવવી પડે છે. આ માળખું ટકાવી રાખવાનો વાર્ષિક ખર્ચ અબજો રૂપિયા થાય છે. અત્યાર સુધી સરકાર બેંકો અને પેમેન્ટ કંપનીઓને યુપીઆઈ ફ્રી રાખવા માટે વાર્ષિક સબ્સિડી પ્રોત્સાહન આપતી હતી. પરંતુ આટલા વિરાટ પાયે ફેલાયેલી સિસ્ટમ માત્ર સરકારી સબ્સિડી પર લાંબો સમય નભી શકે નહીં. જો બેંકો અને પેમેન્ટ એપ્લિકેશન્સને કોઈ કમાણી ન થાય, તો નવી ટેકનોલોજી અને સુરક્ષા ક્ષેત્રે રોકાણ અટકી જાય. જોકે, તેની સામે જો ભવિષ્યમાં યુપીઆઈ વ્યવહારો કે મોટા વેપારીઓ પર ટેક્સ અથવા ચાર્જ લાદવામાં આવે, તો તેના કેટલાક નકારાત્મક પરિણામો પણ આવી શકે છે. નાના અને મધ્યમ વેપારીઓ જો ચાર્જના દાયરામાં આવશે, તો તેઓ ગ્રાહકો પાસેથી યુપીઆઈ સ્વીકારવાનું બંધ કરી રોકડમાં વ્યવહાર કરવાનો આગ્રહ રાખશે, જેનાથી કાળુ નાણું અને કરચોરી ફરી વધી શકે છે. ગ્રામીણ વિસ્તારોમાં જ્યાં માંડ ડિજિટલ ચૂકવણીની ટેવ પડી છે, ત્યાં ચાર્જ કે ટેક્સનો ભય લોકોને ટેકનોલોજીથી દૂર કરી શકે છે. જે દેશની અર્થવ્યવસ્થા માટે નુકસાનકારક છે તે નક્કી છે.

હૉર્મુઝ સંકટ પછી ભારતની એનર્જી સિક્યુરિટી માટે આગામી મોટું સંકટ તેલ, ગેસ કે વીજળી?

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

હૉર્મુઝની ખાડીમાં સર્જાયેલા અવરોધોએ સાબિત કરી દીધું છે કે ભારત જેવા આયાતી ઊર્જા પર નિર્ભર દેશ માટે સપ્લાય ચેઈન સુરક્ષિત રાખવી કેટલી મોટી પ્રાથમિકતા છે

ભારતની એનર્જી સિક્યુરિટી માત્ર કોઈ એક યુદ્ધ કે એક દેશ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે દેશના અર્થતંત્ર અને નાગરિકોના જીવન સાથે સીધી જોડાયેલી છે. ૨૦૨૬ના વર્ષે આપણને મોટો પાઠ ભણાવ્યો છે કે એનર્જી સિક્યુરિટીનો અર્થ માત્ર કાચા તેલનો સપ્લાય સુરક્ષિત રાખવો નથી, પરંતુ તેમાં LNG, LPG, વીજળી, શિપિંગ રૂટ્સ અને સ્ટ્રેટેજિક રિઝર્વ્સ પણ સામેલ છે. હૉર્મુઝની ખાડીમાં સર્જાયેલા અવરોધોએ સાબિત કરી દીધું છે કે ભારત જેવા આયાતી ઊર્જા પર નિર્ભર દેશ માટે સપ્લાય ચેઈન સુરક્ષિત રાખવી કેટલી મોટી પ્રાથમિકતા છે.

પર્શિયન ગલ્ફ અને અરબી સમુદ્રને જોડતી હૉર્મુઝની ખાડી એ દુનિયાના સૌથી મહત્ત્વપૂર્ણ એનર્જી ચોકપોઈન્ટ્સમાંથી એક છે. સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, કુવૈત અને ઈરાક જેવા દેશોનો ઊર્જા પ્રવાહ આ જ સમુદ્ર માર્ગથી પસાર થાય છે. આ માત્ર કોઈ દરિયાઈ રસ્તો નથી, પરંતુ વૈશ્વિક ઊર્જા ધમની છે. ભારતની અર્થવ્યવસ્થા આયાતી ઊર્જા પર નભતી હોવાથી આ માર્ગનું સુરક્ષિત રહેવું અનિવાર્ય છે.દેશનાં કારખાનાંઓને ઊર્જા જોઈએ, પરિવહનને બળતણ જોઈએ, ટ્રકોને ડિઝલ અને વિમાનોને એવિએશન ફ્યુઅલ જોઈએ છે. રસોડામાં એલપીજી, ખાતર ઉદ્યોગને ગેસ અને પાવર પ્લાન્ટ્સને ઈંધણ વગર ચાલવું અશક્ય છે. સરળ શબ્દોમાં કહીએ તો ઊર્જા સુરક્ષિત તો અર્થતંત્ર સુરક્ષિત. જો એનર્જી સપ્લાયમાં મોટો આંચકો લાગે, તો તેની સીધી અસર સમગ્ર અર્થવ્યવસ્થા પર પડે છે. ૨૦૨૬ની કટોકટીએ ભારતની એલએનજી સપ્લાય ચેઈનને કઠિન કસોટીમાં મૂકી દીધી હતી. કતાર ભારતનું મુખ્ય એલએનજી સપ્લાયર રહ્યું છે, પરંતુ સંકટના સમયમાં ત્યાંથી આવતા સપ્લાયમાં ભારે ઘટાડો નોંધાયો હતો. પરિણામે ભારતે તાત્કાલિક ધોરણે વૈકલ્પિક સ્રોતોની શોધ કરી. અમેરિકા, નાઈજીરીયા, ઓમાન અને અંગોલા જેવા દેશો પાસેથી વૈકલ્પિક કાર્ગો મંગાવવામાં આવ્યા. મે ૨૦૨૬માં અમેરિકા ભારતનું સૌથી મોટું એલએનજી સ્રોત બની ગયું. આનાથી સાબિત થયું કે ભારત અનુકૂલન સાધી શકે છે, પરંતુ વૈવિધ્યીકરણની એક કિંમત ચૂકવવી પડે છે.

એલએનજીની લૉજિસ્ટિક્સ જટિલ હોવાથી અને ખાસ કેરિયર્સની જરૂર પડતી હોવાથી, કટોકટીમાં એશિયન સ્પોટ એલએનજીના ભાવ વધીને આશરે ૨૫ ડૉલર પ્રતિ MMBtu સુધી પહોંચી ગયા હતા. આના કારણે ફર્ટિલાઇઝર, પાવર, સિટી ગેસ, સિરામિક્સ અને ગ્લાસ જેવા ઉદ્યોગો પર મોટો આંચકો આવ્યો હતો.

એલપીજી સીધી રીતે ઘરની રસોઈ સાથે જોડાયેલી છે. જો શિપિંગ રૂટ્સ અથવા ગલ્ફનો સપ્લાય પ્રભાવિત થાય, તો એલપીજીના ખર્ચ પર તીવ્ર દબાણ આવે છે. આથી, LPG Security એ જ Household Security છે.

સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ્સનો ઉદ્દેશ કાયમી સપ્લાય આપવાનો નથી, પરંતુ કટોકટીના સમયમાં વૈકલ્પિક વ્યવસ્થાઓ ગોઠવવા માટે સમય મેળવવાનો છે. પ્રશ્ન માત્ર કેટલા બેરલ તેલ છે તેટલો નથી, પરંતુ તે છે કે આ રિઝર્વ્સ કેટલા દિવસો સુધી રાષ્ટ્રીય માંગને સાચવી શકે છે. કાચા તેલની સાથે-સાથે એલપીજી, ગેસ અને વીજળીના સંગ્રહને પણ સ્ટ્રેટેજિક માળખામાં સામેલ કરવા અનિવાર્ય છે.

ભારત ક્યારેય કોઈ એક સપ્લાયર પર નિર્ભર નથી. રશિયા, ઈરાક, સાઉદી અરેબિયા, યુએઈ, યુનાઇટેડ સ્ટેટ્સ અને આફ્રિકા જેવા વિવિધ સ્રોતોથી તેલ મેળવવું એ જ આપણી તાકાત છે. ડિસ્કાઉન્ટેડ રશિયન તેલે ભારતીય રિફાઇનર્સને સ્પર્ધાત્મક રાખ્યા છે, પરંતુ જીઓપોલિટિકલ દબાણો વચ્ચે રશિયા કે મધ્ય પૂર્વના દેશો પૈકી કોઈ એક પર સંપૂર્ણ નિર્ભર રહેવાને બદલે 'મેક્સિમમ સપ્લાયર્સ ફ્લેક્સિબિલિટી' અપનાવવી જરૂરી છે. મધ્ય પૂર્વ જરૂરી પણ છે અને જોખમી પણ છે. સંઘર્ષો વધવાની સ્થિતિમાં વૈકલ્પિક સ્રોતો પર નજર રાખવી જ પડે. લાંબા ગાળાના કરારો હોવા છતાં દરિયાઈ માર્ગ બંધ થાય તો ભૌતિક કાર્ગો પહોંચી શકતો નથી. તેથી સપ્લાયર + રૂટ + સ્ટોરેજ એ એનર્જી સિક્યુરિટીના ત્રણ મુખ્ય સ્તંભ છે. ઓમાન અને અમેરિકા જેવા દેશો પણ આ વ્યૂહરચનામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

ભવિષ્યમાં ઊર્જાનો પ્રશ્ન માત્ર તેલ પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ તે વીજળી પર કેન્દ્રિત થશે. એઆઈ ડેટા સેન્ટર્સ, ઈલેક્ટ્રિક વાહનો, ગ્રીન હાઇડ્રોજન, અદ્યતન ઉત્પાદન અને શહેરીકરણને કારણે વીજળીની માંગ ઝડપથી વધશે. તેથી માત્ર ઓઈલ સિક્યુરિટી નહીં, પરંતુ પાવર સિક્યુરિટી પણ અત્યંત આવશ્યક છે.

સૌર અને પવન ઊર્જા મહત્ત્વપૂર્ણ છે, પરંતુ સૂર્ય અને પવન હંમેશા એકસરખા રહેતા નથી. આ મર્યાદાને પહોંચી વળવા માટે બેટરી સ્ટોરેજ, પમ્પ હાઇડ્રો અને ગ્રીડ આધુનિકીકરણ જરૂરી છે. આ સાથે ન્યુક્લિયર પાવરને પણ વેગ આપવો પડશે. ભવિષ્યનું સાચું મિશ્રણ સૌર + પવન + ન્યુક્લિયર + હાઇડ્રો + સ્ટોરેજ બનશે.

ભારતની પાંચ-પૉઇન્ટ એનર્જી સ્ટ્રેટેજી: આગામી સમયનાં જોખમોથી બચવા માટે ભારતે નીચે મુજબની પાંચ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે:

૧. ડાઇવર્સિફિકેશન: કોઈ એક સપ્લાયર, રૂટ કે ટેકનોલોજી પર નિર્ભર નહીં રહેવું.

૨. સ્ટ્રેટેજિક રિઝર્વ્સ: ક્રુડ, એલપીજી, ગેસ અને વીજળીના સ્ટોરેજમાં વધારો કરવો.

૩. ઘરેલું ઊર્જા: રિન્યુએબલ્સ, ન્યુક્લિયર અને એનર્જી એફિશિયન્સીને પ્રોત્સાહન આપવું.

૪. એનર્જી ડિપ્લોમસી: વૈશ્વિક ભાગીદારો સાથે મજબૂત સંબંધો રાખવા.

૫. મેરિટાઇમ સિક્યુરિટી: હિંદ મહાસાગર અને દરિયાઈ માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરવી.

હૉર્મુઝ અને કતારના અનુભવોએ આપણને આપણી નબળાઈઓ અને મજબૂતાઈઓ બંને બતાવી દીધી છે. ભારતનું તાત્કાલિક લક્ષ્ય માત્ર ઊર્જા સ્વતંત્રતા મેળવવાનો નથી, પરંતુ 'એનર્જી રિઝિલિયન્સ' પ્રાપ્ત કરવાનો છે. કોઈ પણ કટોકટી ભારતીય પરિવારની રસોઈ કે ઉદ્યોગની પ્રોડક્શન લાઇનને અટકાવી ન શકે તેવી મજબૂત વ્યવસ્થા જ સાચી વ્યૂહાત્મક સુરક્ષા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

દિલની અમીરી

એક અમીર શેઠ રોજ સવાર સાંજ મંદિરે જાય અને આ નિયમ કોઈ દિવસ તોડે નહિ અને તે ક્યારેય ન મંદિરમાં દાનપેટીમાં કંઈ દાન કરે , ન બહાર બેઠેલા કોઈને કોઈ મદદ કરે.આ પણ વણલખ્યો નિયમ. તેનું દિલ જ એવું કંજૂસ અને નાનું હતું કે તે કોઈને કંઈ આપી શકે જ નહિ.બીજા કોઈ ભિખારીઓને દાન આપતા હોય કે મંદિરમાં ચઢાવો ચઢાવતા હોય તે જોઇને પણ તેને એમ થાય કે આ કરવાની શું જરૂર છે? 'ભગવાન પૈસાનો નહિ ભાવનો ભૂખ્યો છે અને ભિખારીઓને પૈસા આપીએ તો તેઓ વધુ આળસુ બની પૈસાનો વેડફાટ કરે....' આવું વિચારી તે પોતાના કોઈને કંઈ ન આપવાના નિયમને વધુ દૃઢતાથી વળગી રહે અને ઉદાર દિલથી આપવાવાલાને મૂર્ખ ગણે.એક દિવસ મંદિરની બહાર નીકળતા કંજૂસ અમીર માણસે જોયું કે એક ગરીબ મજૂર હતો.

તેની પાસે માત્ર એક સૂકો રોટલો હતો.મજૂર ઝાડ નીચે બેસી રોટલો ખાવાની શરૂઆત કરતો હતો ત્યાં એક ભૂખ્યો છ સાત વર્ષનો બાળક ત્યાં આવી ઊભો રહ્યો અને તેની પાછળ એક કૂતરું પણ દોડી આવ્યું.બાળક અને કૂતરા બન્નેની આંખમાં રોટલાની માગણી હતી અને મજૂર તે સમજી ગયો.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

બાળકે કંઈ માંગ્યું ન હતું અને કૂતરો તો ક્યાં બોલી શકે પણ મજૂરે પોતાની પાસેના રોટલાના ચાર ભાગ કર્યા. એક કૂતરાને આપ્યો, બીજો બાળકને પ્રેમથી ખવડાવ્યો. ત્રીજો પોતે ખાધો અને પાણી પીધું અને ચોથો ટુકડો જાળવીને કપડામાં વીંટાળી મૂક્યો.પેલો કંજૂસ અમીર માણસ આ જોતો હતો. તે મજૂર પાસે આવ્યો અને બોલ્યો, 'મજૂર, તું મૂર્ખ છે. તારી પાસે માંડ એક સૂકો રોટલો હતો. તે પોતે ખાવાની જગ્યાએ તે આ બાળક અને કૂતરાને ખવડાવ્યો.પોતે ગરીબ છે, પૂરતું ખાવાનું નથી. તારી પાસે છતાં તું બીજાની મદદ કરવા નીકળ્યો છે.'

ગરીબ મજૂરે હસીને જવાબ આપ્યો, ''સાહેબ, મારી પાસે કોઈ દોલત નથી, સાવ ગરીબ છું પણ દિલ મોટું છે અને જે પોતાની પાસે જે હોય તેમાંથી બીજાને કંઈ આપી શકે, જે બીજાના ચહેરા પર મુસ્કાન લાવી શકે તે સૌથી અમીર હોય છે.આ ચોથા ભાગનો રોટલો પણ મેં કોઈ ભૂખ્યાને આપવા સાચવી રાખ્યો છે.પોતા કરતાં પહેલાં બીજાનું વિચારે અને બીજાને મદદ કરે તે સાચો અમીર છે.''

'ઈસરો'ના વિજ્ઞાનીઓનાં રાજીનામાં સમસ્યા છે કે તક?

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

સવાલ એ નથી કે તેઓ શા માટે જાય છે; મૂળ સવાલ એ છે કે તેઓ કયા કારણે 'ઈસરો' છોડી રહ્યા છે

ભારતની વૈજ્ઞાનિક સંસ્થાઓની વાત આવે ત્યારે 'ઈસરો' (ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન)નું નામ વાજબી ગૌરવથી લેવામાં આવે છે. મર્યાદિત સંસાધનો હોવા છતાં સમગ્ર વિશ્વને આશ્ચર્યચકિત કરી દે એવી સિદ્ધિઓ આ સંસ્થાએ પ્રાપ્ત કરી છે. આથી જ તે કેવળ એક સરકારી સંસ્થા નથી પણ તેને ભારતની વૈજ્ઞાનિક ક્ષમતાનું પ્રતીક ગણાવી શકાય. આવી સંસ્થાના વરિષ્ઠ અને અનુભવી વિજ્ઞાનીઓ ખાનગી અવકાશ કંપનીઓમાં જોડાવા માટે રાજીનામાં આપવા લાગે, તેને એક એવી ચેતવણી ગણવી જોઈએ, જે સરકારને આત્મદર્શનની એટલે કે અરીસામાં જોવાની ફરજ પાડે. ઉચ્ચ વળતર માટે વિજ્ઞાનીઓની લાલચ કે બહેતર ભવિષ્ય માટે નોકરી બદલવા જેવા ઉપરછલ્લા મુદ્દાઓમાં આ મામલો સમેટી લેવાય એવો નથી. મૂળ સવાલ એ છે કે સરકાર આ બાબતને શી રીતે જુએ છે?

એ હકીકત છે કે ખાનગી કંપનીઓ માટે ભારતમાં અવકાશનું ક્ષેત્ર ખુલ્લું મૂકાયા પછી અનેક નવી તકો ઊભી થઈ છે. આમ તો, આ વિકાસનો સ્વાભાવિક ક્રમ છે, કેમ કે, વિવિધ ક્ષેત્રે ખાનગી કંપનીઓનો પ્રવેશ થવાથી સ્પર્ધાત્મક વાતાવરણ ઊભું થાય અને ગ્રાહકને વધુ વિકલ્પ મળે એ આશય છે. પણ અહીં મુખ્ય ફરક અન્ય ક્ષેત્ર અને 'ઈસરો' વચ્ચેનો છે. સવાલ એ નથી કે તેઓ શા માટે જાય છે; મૂળ સવાલ એ છે કે તેઓ કયા કારણે 'ઈસરો' છોડી રહ્યા છે. આવા નાજુક મુદ્દે સરકાર સામાન્ય રીતે નિયંત્રણના હથિયારથી કામ લેતી હોય છે. જેમ કે, રાજીનામું મૂકીને ગયા પછી એ સરકારી કર્મચારી અમુક સમય સુધી ખાનગી કંપનીમાં નોકરી ન કરી શકે, એ અંગેના નિયમોને વધુ કડક બનાવવામાં આવે વગેરે. પણ આ ઉપાયો ખરું જોતાં કેવળ રોગનાં ચિહ્નોનો ઈલાજ કરે છે. મૂળ રોગ એમનો એમ રહે છે. કોઈ પણ વ્યક્તિને સંસ્થામાં રોકી રાખવાનો સૌથી હાથવગો રસ્તો પ્રતિબંધોનો છે. પણ કોઈ પણ ભોગે વ્યક્તિ નોકરી છોડવા ઈચ્છતી હોય, અને એનું મુખ્ય કારણ પોતાની કારકિર્દીની બહેતર તક હોય, તો પ્રતિબંધો ખાસ કારગર નીવડતા નથી. 'ઈસરો'ની છબી અને ત્યાંની કાર્યસંસ્કૃતિ અત્યાર સુધી બિનવિવાદાસ્પદ અને ગૌરવપ્રદ બની રહી છે. પડકારજનક કામ, રાષ્ટ્રીય ગૌરવની અનુભૂતિ અને વિશ્વસ્તરીય પ્રોજેક્ટ પર કામ કરવાની તક જેવી વિવિધ બાબતોનો સંગમ ત્યાંની નોકરીમાં થયેલો છે એમ કહી શકાય. અલબત્ત, આ પાસાં બહારની વ્યક્તિને આકર્ષક જણાય, પણ અંદર રહીને કામ કરનાર તેને જુદી દૃષ્ટિએ જોતા હોય એમ બને ખરું. વ્યક્તિગત વિકાસની ગતિ, પ્રમોશનની પારદર્શિતા, સંશોધનની સ્વતંત્રતા, યોગ્ય વેતન, નવી જવાબદારીઓ અને ભવિષ્યની તકો જેવાં પાસાં પણ તેઓ જોતા હોય છે. આવા મામલે સરકારી માળખું પાછળ રહી જાય તો અસંતોષ પેદા થવો સ્વાભાવિક છે.

અલબત્ત, ભારત માટે આવો પડકાર નવો નથી. થોડાં વર્ષ પહેલાં ભારતીય હવાઈ દળને પણ આવી જ સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. અનુભવી પાયલટો સમય પહેલાં નિવૃત્તિ લઈને ખાનગી એરલાઈન્સમાં જોડાવા લાગ્યા હતા. એમાં પણ શરૂઆતમાં નિયમોને વધુ કડક કરવાની વાત ચાલી, પણ બહુ ઝડપથી ખ્યાલ આવી ગયો કે કેવળ પ્રતિબંધથી એ પ્રશ્ન ઉકેલાવાનો નથી. આથી હવાઈ દળે પોતાની માનવસંસાધન નીતિ, કારકિર્દીના માર્ગો અને પ્રગતિની તકો વિશે ફેરવિચાર કર્યો. મૂળ પ્રશ્ન પાયલટોને રોકવાનો નહીં; તેમને નોકરીમાં રહેવાનું મન થાય એવી વ્યવસ્થા ઊભી કરવાનો હતો.

સરકારની ખરેખરી ફિકર રાજીનામાંની સંખ્યા નહીં, પરંતુ તેની પાછળ રહેલા કારણની અને તેના થકી મળતા સંદેશની હોવી જોઈએ.

મુશ્કેલી એ છે કે આપણા વહીવટી તંત્રમાં મોટે ભાગે સમસ્યાના સ્વીકારમાં જ વિલંબ થતો હોય છે. શરૂઆતમાં તેને અપવાદ ગણવામાં આવે, પછી તેને વ્યક્તિગત નિર્ણય કહીને હળવાશથી લેવામાં આવે અને જ્યારે પ્રશ્ન ગંભીર સ્વરૂપ ધારણ કરે ત્યારે ઉતાવળમાં નિયમોને કડક કરવાની વાત આવી જાય. આવો પ્રતિક્રિયાત્મક અભિગમ કોઈ પણ ક્ષેત્રમાં લાંબે ગાળે સફળ થતો નથી.એ જ રીતે 'ઈસરો'ની સમસ્યાનો ઉકેલ વધુ કડક નિયંત્રણોમાં નહીં, બલ્કે વધુ આકર્ષક માળખું, વિશિષ્ટ કુશળતા ધરાવતા વિજ્ઞાનીઓ માટે ઝડપી પ્રગતિની તક, યોગ્ય પ્રોત્સાહન, સંશોધનની વધુ સ્વતંત્રતા અને ખાનગી ક્ષેત્ર સાથે સુનિયોજિત સહકાર–વગેરે જેવા મુદ્દાઓ પર ગંભીરતાથી વિચારણા કરવાની જરૂર છે. સરકારે અવકાશના ક્ષેત્રમાં ખાનગી રોકાણને પ્રોત્સાહન આપ્યું છે, તો તેને પરિણામે ઊભી થનારી પ્રતિભાની સ્પર્ધા માટે પણ તૈયાર થવું જરૂરી છે.

'ઈસરો' જેવી સંસ્થામાં કામ કરતો વિજ્ઞાની કેવળ એક પગારદાર કર્મચારી નથી. તેને તૈયાર કરવામાં વર્ષોનો સમય, જાહેર નાણાં અને વરિષ્ઠ વિજ્ઞાનીઓની મહેનતનું રોકાણ થયેલું હોય છે. તેથી તેમના રાજીનામાને માત્ર વ્યક્તિગત નિર્ણય કહીને નજરઅંદાજ કરી શકાય નહીં. સવાલ કેવળ 'ઈસરો'નો નહીં, દેશની તમામ અગ્રણી જાહેર સંસ્થાઓનો છે. જ્ઞાન અને કુશળતાના વર્તમાન યુગમાં પ્રતિભા પર તાળું મારીને તેને જાળવી શકાતી નથી. તેને જતી રોકવી હોય તો સંસ્થાને એવી બનાવવી પડે કે જવાનું મન ન થાય.આથી 'ઈસરો'ના રાજીનામાંને સરકાર ફક્ત શિસ્તના પ્રશ્ન તરીકે જોશે તો થોડા સમય માટે આંકડા નિયંત્રિત થઈ જાય એમ બની શકે. પણ તેને માનવસંસાધન નીતિની ચેતવણી તરીકે લેશે, તો તે માત્ર 'ઈસરો'ને નહીં, સમગ્ર ભારતીય વૈજ્ઞાનિક વ્યવસ્થાને વધુ મજબૂત બનાવી શકશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

હોશ અને જોશ

ગુજરાતીમાં કહેવત છે, ઝાઝી કીડી સાપને તાણે. આવું જ કંઇક વર્તમાનમાં થયું છે. વાત એટલા માટે મહત્ત્વની છે કે આરએસએસ જેવા વિશાળ સંગઠનના વડાએ પણ આડકતરી રીતે નવી યુવા પેઢીને આડકતરી રીતે જસ્ટીફાઇ કરી છે. પેલી કહેવત છે 'કીડી સંચરે અને તેતર ખાય.' જેમ કે આપણે ત્યાં ગુજરાતમાં ઈસ 1973 માં અમદાવાદની એક ઈન્જીનીયરીંગ કોલેજની હોસ્ટેલ ફી સામે જાગેલો ઓહા-પોહ એટલો પ્રભાવી હતો કે રાજ્ય સરકાર હાલી ગઈ હતી અને માત્ર ત્રણ જ મહિનાની અંદર ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસન મૂકવું પડેલું. સ્વતંત્રતા પછી કદાચ ચૂંટાયેલી સરકાર આંદોલનને કારણે બરતરફ થઈ હોય એવો આ સૌ પ્રથમ જ પ્રસંગ હતો. માત્ર ગુજરાત જ નહીં બિહાર જેવાં અન્ય રાજ્યોમાં પણ એના પડઘા પડેલા. પરંતુ ધ્યાન એ વાતનું દોરવાનું છે કે જે તે આંદોલન તો સફળ રહ્યું પણ ત્યાર પછી નેતાગીરીના અભાવે જે પાછી મૂળ પરિસ્થિતિ હતી તે એવી ને એવી જ થઇ ગયેલી, એવું ફરી ના થાય એની સાવચેતી જેન-ઝી રાખે એ અપેક્ષા.

સુરત - ચેતન સુશીલ

આઝાદીનો ખરો અર્થ

આઝાદી એટલે માત્ર ભૌતિક કે રાજકીય તંત્રમાંથી મુક્તિ મેળવવી એટલું જ નથી, પરંતુ તેનો સાચો અર્થ ઘણો વ્યાપક અને ઊંડો છે. સાચી આઝાદી એ મનની સ્વતંત્રતા છે, જ્યાં વ્યક્તિ પોતાના વિચારો, નિર્ણયો અને આકાંક્ષાઓને વિના સંકોચે રજૂ કરી શકે. આઝાદીનો અર્થ એ પણ છે કે આપણને સ્વતંત્ર રીતે જીવવાનો અને પોતાના સપના પૂરા કરવાનો અધિકાર મળે, પરંતુ સાથે જ સમાજ પ્રત્યેની આપણી જવાબદારીઓનું ભાન રહે. ખરી આઝાદી અન્યની સ્વતંત્રતાનો અનાદર કર્યા વગર પોતાની સરહદો ઓળખવામાં રહેલી છે. ડર, અજ્ઞાનતા, ગરીબી અને કુરિવાજોના બંધનોમાંથી મુક્ત થવું એ જ વાસ્તવિક આઝાદી છે.

જ્યારે કોઈ વ્યક્તિ આત્મનિર્ભર બને છે અને પોતાની ભયમુક્ત વિચારસરણી સાથે જીવે છે, ત્યારે તે સાચા અર્થમાં આઝાદ કહેવાય છે. સ્વતંત્રતા એ માત્ર એક અધિકાર નથી, પરંતુ એક મોટું કર્તવ્ય પણ છે. જ્યારે આપણે અન્યના વિચારો અને જીવનનો સ્વીકાર કરીને તેમને પણ જીવવાની તક આપીએ છીએ, ત્યારે જ આઝાદીનું સાચું મૂલ્ય સાર્થક થાય છે.

સુરત - રાહુલ પરમાર

સમાજમાં વધતી જતી ગેરસમજ

આજના આધુનિક અને ડિજિટલ યુગમાં માણસ ગ્લોબલ સ્તરે જોડાયેલો છે, પરંતુ વૈચારિક રીતે એકબીજાથી દૂર થઈ રહ્યો છે. વર્તમાન સમયમાં સમાજમાં ગેરસમજ અને અવિશ્વાસનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. ગેરસમજ વધવાનું સૌથી મોટું કારણ અધૂરું જ્ઞાન અને સંવાદનો અભાવ છે. સોશિયલ મીડિયાના યુગમાં લોકો સત્યની ચકાસણી કર્યા વગર અફવાઓ પર જલ્દી વિશ્વાસ કરી લે છે. સાચો અને ખુલ્લો સંવાદ કરવાને બદલે લોકો મનમાં ધારણાઓ બાંધી લે છે. આ ઉપરાંત, બદલાતી જીવનશૈલી, સહનશક્તિનો અભાવ અને સ્વાર્થવૃત્તિને કારણે પણ પરિવાર અને સમાજમાં નાની-નાની બાબતો મોટું સ્વરૂપ ધારણ કરે છે. ગેરસમજના કારણે સંબંધોમાં તિરાડ પડે છે અને માનસિક તણાવ વધે છે. આ સમસ્યાને અટકાવવા માટે સમાજમાં સાચા અને મજબૂત સંવાદની જરૂર છે. કોઈપણ વાત સાંભળીને તરત પ્રતિક્રિયા આપવાને બદલે સત્ય જાણવું જરૂરી છે. લોકોમાં નમ્રતા, સહિષ્ણુતા અને એકબી